# મુલ્લા મુનીર અર્થાત બદનામ મુન્ની

## હમ કિસી કે ના રહે, કોઈ હમારા ન રહા!

સારાંશ
★વિન્સી મરચન્ટ

પાકિસ્તાનનો મૌલવી ફીલ્ડ માર્શલ અસીમ મુનીર પોતે પોતાને ઓળખી શકતો નથી. મુલ્લા મુનીરને સમજાતું નથી કે ફીલ્ડ માર્શલ મુનીર કોની સાથે છે? ભીખ માગવા વાસ્તે. અનેક માંધાતા દેશોને મિત્રો બનાવવાના પ્રયાસો કરી જોયા અને એ વિધિમાં જ લગભગ બધા જ દુશ્મનો બની ગયા છે. સાહિરે લખ્યું હતું તેમ કિસી કે ‘‘ઈતને પાસે હો કિ સબસે દૂર હો ગયે.

ફીલ્ડર માર્શલ દેશમાં અનેક મોરચે લડી રહ્યો છે. વિપક્ષના કેદ કરાયેલા નેતા ઈમરાન ખાન પાકિસ્તાન અને વિદેશોમાં મુનીર કરતાં વધુ લોકપ્રિય છે. એમના પક્ષ તેહરીકે ઈન્સાફ અને ખૂદ ઈમરાન ખાન સામે વૈમનસ્ય સાથે, કાસળ કાઢી નાખવાની પૂરેપૂરી તૈયારી સાથે લડાઈ આદરી છે. જેથી મુનીરની સત્તા સામે સતત ઝળુંબતો ભય દૂર થાય. અફઘાનિસ્તાનમાં એક સમયનાં પાકિસ્તાનના મિત્ર તાલીબાન સામે યુદ્ધ શરૂ થઈ ગયું છે અને પઠાણો નિયમિત ધોરણે પાકિસ્તાની સેનાને માર મારી રહી છે. છેલ્લા અહેવાલો મુજબ પાકિસ્તાન સેનાના હજારો જવાનો સેના છોડીને તેહરીકે ઈન્સાફ સાથે જોડાઈ રહ્યા છે.

પઠાણ ઈમરાન ખાન સાથે અન્યાય થઈ રહ્યો છે. પંજાબી પાકિસ્તાનીઓ પઠાણોનો, તેમનો પ્રદેશ ખૈબર પખ્તુનખ્વાનો વિકાસ થવા દેતા નથી. કેપી કેના પઠાણો હવે પાકિસ્તાનથી સ્વતંત્ર થવા માટે સેના સાથે રોજના ધોરણે લોહિયાળ જંગ ખેલે છે. બરાબર એવી જ દશા પાકિસ્તાનના વિશાળ પરગણા બલુચિસ્તાનમાં છે. જે ચીન-પાક ઈકોનોમી કોરીડોરના નામે પાકિસ્તાનીઓ ફૂલાઈને ફરતા હતા તેનું કામકાજ ઠપ થઈ ગયું છે. પહેલગામમાં આતંકવાદી દુઃસાહસ આચર્યા બાદ ભારતની સેનાના સાથ મોટો માર ખમવો પડ્યો. સૌથી મોટું અમેરિકન થાણું નુરખાન ખાતે હતું. ભારતની બ્રહ્મોસ મિઝાઈલોએ તેને ધ્વસ્ત કરી નાખ્યા બાદ ફરીથી ઊભું કરી શકાયું નથી. મુનીરે પાળી પોષી રાખેલી ત્રાસવાદીઓની તંજીપો હવે મુનીર પાસેથી હિસાબ માગી રહી છે. તેઓ પણ સામાજિક પટલ પરથી અલોપ થઈ ગયાં છે.

અમેરિકા પાસેથી મદદ મેળવવા તથાકથિત મિનરલ્સ તેમ જ રેર અર્થ વેચવાનું વચન મુનીર વ્હાઈટ હાઉસમાં, મદારીની માફક ડબલીઓ બતાવીને આપી આવ્યા છે. થોડો સમય અમેરિકાએ તેમાં રસ દાખવ્યો, મુનીરને ભાવ આપ્યો. બાદમાં સમજાવ્યું કે એ વચનમાં કોઈ કસ નથી. અમેરિકાની ગોદમાં ઘૂસવા ગયું તેથી ચીને પણ મિત્ર પાકિસ્તાનને તડકે મૂક્યું છે. ગાઝા પીસ પ્લાનમાં મોટા ઉપાડે જોડાવા ગયું તેથી મુસ્લિમ ઉમા, દુનિયાના મુસ્લિમો, ખફા છે. મુસ્લિમ હોવાના કારણે ઈરાન પાકિસ્તાનની અનેક ભારત વિરોધી નાજાયજ પ્રવૃત્તિઓનો સાથ આપતું આવ્યું છે. પરંતુ પાકિસ્તાને સાઉદી અરેબિયા સાથે, હુમલો થાય તો એક બનીને લડવાના કરાર ગયા વર્ષે કર્યા હતા. સાઉદી અરેબિયા પર કોઈ હુમલો કરે તો માત્ર ઈરાન જ કરે. ઈરાન વર્ષોથી યેમેનીઓને સાઉદી સામે લડાવી રહ્યું છે. હવે સાઉદી સાથે સંરક્ષણ કરાર એટલે ઈરાન સાથેની દુશ્મની. હમણા ઈરાને સાઉદી અરેબિયા પર મિસાઈલો અને ડ્રોન્સ વડે હૂમલા કર્યા તેમાં સાથે મળીને લડાવાના કરારનું અર્થાત પાકિસ્તાનનું પાણી મપાઈ ગયું. ઈરાન અને પાકિસ્તાન મોટી સરહદથી જોડાયેલા પડોશી દેશો. જો કરારનું પાલન કરવા જાય તો ઈરાન લડાઈ શરૂ કરે. ઈરાને અને પાકિસ્તાન આર્થિક તાકાતમાં આસમાન અને પાતાળ જેવડો તફાવત. ઈરાનનો માર પાકિસ્તાન ખમી ન શકે. મુનીરનું કુટુંબ પણ અમેરિકામાં ન્યુ જર્સીમાં જઈને વસી ગયું છે. મુનીર માટે પાકિસ્તાનમાં બીજી મુધબાલા કહી શકાય એવી મરીઅમ નવાઝ બચી છે. પરંતુ મરીઅમની પોતાની પંજાબના મુખ્યમંત્રી તરીકેની સત્તા બરકરાર રહે તે વાસ્તે મુનીર સાથે નૈન લડાવી રહી છે. તિજોરી સાવ ખાલી છે. મુનીરની જે હાલત થઈ છે. મુનીરની જે હાલત થઈ છે. એવી દુનિયાના કોઈ પણ દેશના તાનાશાહની હાલમાં નથી. ગધેડાઓ ઊછેરીને, ચીનને વેચીને થોડી ઘણી રકમ કમાવાનો એક માત્ર નિકાસ લક્ષી ધંધો બચ્યો છે. કોઈ જગ્યાએથી સારા સમાચાર નથી પરંતુ મુખ્યંત્રી મરીઅમ નવાઝને માટે, પંજાબ સરકારના નામે એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે વિમાન ખરીદવામાં આવ્યું છે. પાકિસ્તાનના પત્રકારોના સવાલોનો જવાબ મરીઅમ આપી શકતા નથી. મધુર સ્મિત રેલાવીને આગળ જતા રહે છે. ખોટા ખુલાસાઓ કરવા અને વિલંબિત રૂદન કરવાની જવાબદારી કાકા અને વડાપ્રધાન શાહબાઝ શરીફને સોંપવામાં આવી છે. બિલ્લો રાની બિલાવલ હમણા ચૂપ છે. બૂમો પાડવા માટે હવે કશું બચ્યું નથી.

ઘણા કાયર લોકો બીજાઓ પર રોફ ના જમાવી શકે ત્યારે ઘરના લોકોને ઝૂડવા લાગી જાય છે. હમણાંના વર્ષો સુધી પાકિસ્તાની મુસ્લિમો મુસ્લિમો હોવાને નાતે, ઉમ્માના વાસ્તે, અફઘાની મુસ્લિમોની બાજુમાં ઊભા રહી જતા હતા. ભારતના નિર્દોષ લોકોના ખૂન વહાવીને પાકીઓ મૂછો મરડતા હતા. પરંતુ ભારતે છેલ્લા આઠેક વર્ષમાં પાકિસ્તાનને ધમારવાની શરૂઆત કરી પછી મુલ્લા સેનાપતિઓ પોતાની પ્રજાને જ મરઘા-બાતકાની માફક મારવા લાગ્યા છે. અસીમ મુન્નીનો કાશ્મીર પ્રેમ સૂકાઈ ગયો છે. હવે ઘર આંગણે પહોંચી શકાતું નથી. પાક-આધીન કામશ્મીરીઓને ભ્રમણાની શાલ ઓઢાડવા ગયા તેમાં જનરલો અને ઉચ્ચ અમલદારો ઊઘાડા પડી ગયા છે. ઘરમાં ધ્યાન જ આપ્યું ન હતુ. હાંડલાઓ માટલાઓ કુસ્તી કર રહ્યા છે અને પાકિસ્તાન ગધેડાના લીંડાની માફક અલગથલગ પડવા માંડ્યું છે. એક તરફ અફઘાનિસ્તાન, પ્રેરિત પાકિસ્તાનમાંના પશ્તુનો પાકિસ્તાન સેનાના પગ



એમના પક્ષ તેહરીકે ઈન્સાફ અને ખૂદ ઈમરાન ખાન સામે વૈમનસ્ય સાથે, કાસળ કાઢી નાખવાની પૂરેપૂરી તૈયારી સાથે લડાઈ આદરી છે. જેથી મુનીરની સત્તા સામે સતત ઝળુંબતો ભય દૂર થાય

પકડી રાખે છે ત્યારે બલુચો સેનાનું નાક દબાવે છે. પશ્તુનો નાક દબાવે ત્યારે બલોચો પાકિસ્તાનના હાથપગ પકડી રાખે છે. હજી તો આંતરિક યુદ્ધમાં સિન્ધપ્રદેશ જોડાયો નથી. પાકિસ્તાનની આર્થિક રાજધાની ગણાતું કરાચી શહેર અને મુખ્ય બંદર સિંધમાં છે. પંદરેક વર્ષ અગાઉ કરાચીમાં સિંધિઓ, બલૂચો, પઠાણો, પંજાબીઓ વગેરે લાંબો સમય માટે આપસમાં ખૂબ લડ્યા હતા. એ જખ્મો હજી તાજા છે. સિંધમાં મુખ્યત્વે વેપારીઓ અને કિસાનો વસે છે. જ્યારે સિંધ પણ આ આંતરવિગ્રહમાં સામેલ થશે ત્યારે પાકિસ્તાનના કમસે કમ ચાર ભાગલા નિશ્ચિત છે. સેનાના બહુમતી હાકિમો, રાજકીય હદ્દેદારો મુખ્યત્વે પંજાબીઓ હતા અને છે. તેઓ માત્ર પંજાબનું ભલું કરવાનું વિચારતા હોય છે. નિવૃત્ત લશ્કરી વડાઓ ભ્રષ્ટાચારના અબજો રૂપિયા સાથે લઈ જઈને યુરોપ-અમેરિકામાં વસી જાય છે.

મદીના બાદ છેલ્લું ઈસ્લામિક શાસન અલ્લાતાલાએ પાકિસ્તાનમાં સ્થાપ્યું છે તેમ ફિલ્ડમાર્શલ મુન્ની કહે છે. લાગે છે કે અલ્લાહ પાકિસ્તાનના નટબોલ્ટ ખોલીને સ્પેરપાર્ટસ જૂદાં પાડીને ઈસ્લામિક દેશોની સંખ્યામાં બીજા વધુ ત્રણ ઉમેરવાના મૂડમાં છે. પરંતુ મુન્નીરને આ પાન પસંદ નથી. એને સત્તા પર બની રહેવા સિવાય અને મરિયમ સાથે નૈન લડાવવા સિવાય ભાગ્યે જ કશું પસંદ છે. પોતાના બાળ બચ્ચાઓને ન્યુ જર્સી, અમેરિકામાં વિશાળ કોઠી ખરીદી આપી છે. અને ત્યાં વસાવ્યા છે. ઘરઆંગણે પ્રગતિ કરવા માટે લોકોના કરવેરાના પૈસા વાપરી નાખે તો અમેરિકા શું લઈ જાય? પાકિસ્તાનના કાલના અને આજના જિહાદી જનરલોએ પાકિસ્તાનમાં જો કાંઈપણ વસાવ્યું હોય તો તે પંજાબના ઈસ્લામાબાદની આસપાસ એકરોમાં ફેલાયેલી એક એક કોઠીઓ છે. દેશનું રક્ષણ કરવાને બદલે, દેશોમાં પ્રગતિ કરવાને બદલે તેઓ ફોજી બ્રૅન્ડનેમથી અનેક મહત્ત્વની ચીજોનો વેપાર કરે છે. શાંતિપ્રિય પ્રજાની આ હાલત છે. ઘણાં વર્ષોથી એ સ્થાયી હકીકત બની ચૂકી છે કે પાકિસ્તાનની આમ પ્રજા મુશ્કેલીમાં દિવસો પસાર કરી રહી છે. એક મસયે તો પ્રજા બોલે ને જાગે કે નહીં? પ્રજાના અવાજના પ્રતિનિધિત ઈમરાન ખાનને વગર વાંકે જેલમાં પૂરી રાખ્યા છે. એમને ભૂખ્યા રખાય છે, અત્યાચારો ગુજારાય છે. ભારત સહિત દુનિયાના ક્રિકેટરો અને રાજ નેતાઓએ અસીમ મુનીરને ભલામણ કરવી પડી કે ઈમરાન ખાનનું ધ્યાન રાખો.

પાકિસ્તાનના પશ્તુનો અને અફઘાનિસ્તાનના પઠાણો, અમુક નજરે ન ચડે તેવા સાંસ્કૃતિ ફેરફારોને બાદ કરીએ તો લગભગ એક જ છે. પઠાણ એ પશ્તુનનું અપભ્રંશ છે. વાયવ્ય સરહદ પ્રાન્ત વિસ્તારમાં આપેલો ખૈબર પશ્તુનખા પ્રદેશ સૂકી પહાડીઓથી ભરપૂર છે. પ્રજા લડાયક છે. અને સ્વમાનને ખૂબ ઊંચું આંકે છે. દોસ્તી કરે તો દીકરાઓ આપી દે અને દુશ્મની કરે તો દીકરાઓ લઈ લે. પ્રદેશની ભૂલોગીય રચના પણ એવી છે કે તેઓને ગેરીલા યુધ્ધ લડવાનું સરળ પડે છે. તેઓ ટેકરીઓમાં વસવાને દેવાયેલા છે. પ્રદેશના ખૂણા ખાંચરા, નકશો તેઓ જાણે છે જે પંજાબી અને સિન્ધી લશ્કરી સૈનિકો જાણતાં નથી. પખ્તુનોની અને બલોચીની સંખ્યા પાકિસ્તાની સેનામાં મોટી છે, પણ એક પાકિસ્તાન માટે લગભગ સેનામાં મોટી છે, ણ એક પાકિસ્તાન માટે લગભગ કોઈ વફાદાર નથી. લગભગ દરેકની વફાદી પોતપોતાની પ્રજા પ્રત્યે છે. સ્વાભાવિક છે કે પખ્તુન સૈનિક પખ્તુનો કે પઠાણોનું, બલોચ સૈનિક બલોચોનું અને સિંધિ સૈનિક સિંધિઓનું લોહી વહેડાવવા આગળ નહી આવે. આ રીતે પાકિસ્તાન માટે સેનામાં જ એક મોટું સંકટ આકાર લઈ રહ્યું છે. આ સ્થિતિમાં પાક સેના કોઈપણ નાગરિક વિદ્રોહનો બરાબર સામનો કરી શકતી નથી. પખ્તુનો બલોચો લડવૌએ પાકિસ્તાની સૈનિકોને બંધક બનાવી તેઓનું અપહરણ કરી જાય છે.

ખૈબર પખ્તુનવા (કે.પી.) પ્રદેશ વાયવ્ય પાકિસ્તાનમાં એક મોટા પ્રદેશમાં ફેલાયેલો છે. તેનો ઉત્તરનો એક હિસ્સો પાકિસ્તાન તાબાબા કાશ્મીરને સ્પર્શે છે અને દક્ષિણની સરહદ બલોચિસ્તાન સાથે જોડાયેલી છે. તેની પૂર્વમાં પંજાબ છે. કેપીની ઉત્તરમાં ગીલગીટ બાલ્ટી સ્નાન છે. પશ્ચિમમાં તેની સરહદ અફઘાનિસ્તાનને અડે છે. કાબુલ ત્યાંથી દૂર નથી. કેપીનું પાટનગર પેશાવર છે.

અનેક સદીઓથી આ પ્રદેશ અશાંતિ ભોગવતો આવ્યો છે. ભારતમાં પ્રદેશ માટેનો દુર્ગમ અને પ્રાચીન રસ્તો ખૈબરઘાટ આ પ્રદેશમાં છે. ઈસ્લામ પૂર્વે અહીં બૌદ્ધ ધર્મનું પ્રભુત્વ હતું. પખતુનખ્વા શબ્દનો અર્થ પખ્તુનોની ભૂમિ એવો થાય છે. અગાઉ અહીં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું હતું. હવે વધી રહ્યું છે. શિક્ષિત લોકોનું પ્રમાણ 48 ટકા જેટલું છે. તેમાં શિક્ષિત પુરુષો 67 ટકા અને શિક્ષિત સ્ત્રીઓ 35 ટકા છે. મોટા ભાગના શિક્ષિતો થોડું ઘણું વાંચવા લખવાનું જાણે છે. અર્ધશિક્ષિતો જ વધારે છે.

પંચાશી ટકા પશ્તુનો ગામડામાં વસે છે. ખાસ કરીને તેઓ કબીલામાં વસે છે. મહેમાનગતિ માટે તેઓ પ્રસિદ્ધ છે. તેઓમાં યુસુફઝાઈ, ખટ્ટક, આફ્રીદી, મહસુદ અને વઝીર નામના કબીલાઓ અથવા પેટાજાતીઓ છે. હિન્દુ સભ્યતાની નજીક ગણાતા ચિત્રાલીસ, સરાઈકીસ, અને કલશ જાતિના લોકો પણ કેપીમાં વસે છે. જોકે હવે ધર્મપરિવર્તનને કારણે તેઓની સંખ્યા ઘટી રહી છે. પશ્તો અહીંની મુખ્ય ભાષા છે. પેશાવર અને હાઝરામાં હિન્દકો ભાષા બોલાય છે મહેમાનગતિ (મેલમસ્તી), બહાદૂરી, આત્મ અને કુટુંબસન્માન તેમ જ બદલો વગેરેને આ પ્રજા પોતાની સાંસ્કૃતિક ધરોહર અને આભૂષણો સમજે છે. પુલાવ, કબાબ, નાન, કરાહી વગેરે અહીંનો પ્રમુખ ખોરાક છે. કેપીમાં લગભગ પાંચ કરોડની આબાદી છે તેમાંની અરધોઅરધ પચાસથી નીચેની ઊંમરની છે. પેશાવર ઉપરાંત મરદાન, મીંગોરા (સ્વાત), કોહાત અને બિનલાદેન જ્યાં ઠાર મરાયો હતો તે અબોટાબાદ શહેર ખૈબર પખ્તુનખ્વામાં છે. અબોટાબાદમાં પાકિસ્તાની સેનાનું એક મોટું થાણું છે.

પાકિસ્તાનના જન્મથી જ કેપીકે અન્યાય સહન કરતું આવ્યું છે. કેપીકેમાં કોઈ નેતા કે અન્યાય સામે અવાજ ઊઠાવનારી સંસ્થા ઊભી થાય તો પાકિસ્તાની સેનાએ નેતાનું કપ્સળ કઢાવી નાખે છે. સંસ્થાઓ ખતમ કરી નાંખે છે. પ્રદેશનું આર્થિક શોષણ અનહદ થાય છે. પશ્તુન પ્રજા સામે જનરલો નિર્દય લશ્કરી અભિયાનો ચલાવે છે. લૌકનો અવાજ કયાંય કોઈ સાંભળતું નથી. પાકિસ્તાન સાથે કેપીકે ન હોય તો પંજાબની એક સાંકડી પટ્ટી જ, પાકિસ્તાન તરીકે ભારતની પશ્ચિમમાં જ રહી જાય. કોઈ સામાન્ય સૈન્ય આક્રમણમાં પણ એ પટ્ટી કાપવાનું સરળ બને. પાકિસ્તાન ભારત સામે પોતાના દેશમાં વધુ ઊંડાઈ ઈચ્છે છે. અર્થાત પાકિસ્તાનનો પશ્ચિમનો છેડો ભારતની સરહદથી દૂર સુધી ફેલાયેલો હશે. વ્યુહની ભાષામાં તેને ‘સ્ટ્રેટેજિક ડેપ્થ’કહે છે. વ્યુહાત્મક ઊંડાણ અથવા અંતર. આ માટે પાકિસ્તાનને કેપીકેની ખૂબ જરૂર છે પણ અગાઉથી શિક્ષણમાં સરસાઈ હતી તેથી પંજાબી લોકોએ મહત્ત્વના હોદ્દાઓ પચાવી પાડ્યા હતા અને છે હવે પખ્તુનખ્વાંબી પ્રજા પંજાબીઓની ચાલ સમજતી થઈ છે. પ્રદેશની આઝાદી માટેની સપાટી નીચેની ચળવળ ઘણા સમયથી ચાલી રહી છે. બલોચીસ્તાનની માફક. પરંતુ હમણાં દોઢ-બે વરસથી તે સપાટી પર આવી છે. પાકિસ્તાની પંજાબી હાકેમોએ પખ્તુનોનો ઉપયોગ ભારત સામે ત્રાસવાદ ફેલાવવા માટે જ કર્યો છે. આ પ્રદેશમાં પાકિસ્તાને ત્રાસવાદનાં અનેક કારખાના સ્થાપ્યાં હતાં. એમાંના કેટલાંક હવે પાકિસ્તાનને અર્થાત પંજાબી પાકિસ્તાનને ત્રાસ આપી રહ્યા છે. હિલેરી ક્લીન્ટને જે વિધાન આપ્યું હતું કે તમે ત્રાસવાદના સાપો પાળશો તો તેના સાપોલિયાં એક દિવસ તમને જ ડંખવા આવશે. હીલેરીનું આ ભવિષ્ય કથન સચોટપણે સાચુ પુરવાર થયું છે.●